



સંબંધ છે તો જીવન છે.
એક વ્યક્તિ બીજી વ્યક્તિના સંપર્કમાં આવતા જ સંબધોનો પાયો રચાઇ જાય છે.
કેટલાક માત્ર નકશા પૂરતા રહી જાય છે, કેટલાક પાયા ખોદાઇને રહી જાય છે
જ્યારે કેટલાક મોટી ઇમારત બની જાય છે.


સારા સંબંધો ઘડિયાળ જેવા હોય છે,
તેઓ કેટલાક સમય મળે છે પણ
હંમેશા જોડાયેલ રહે છે.



કેટલાક લોકો જ્યાં જાય ત્યાં આનંદ થાય છે
અને કેટલાક લોકો ત્યાંથી જાય પછી આનંદ
થાય છે.


જો હા અને ના શબ્દો વચ્ચેનો કોઇ
શબ્દ જગતને જડ્યો હોત તો ઘણા
સંઘર્ષો અટકી ગયા હોત.


નાની નાની દરકાર ઝરણાં બની ને
છેવટે સ્નેહ નો દરિયો બને છે.
ક્યાં "ટકવું" અને ક્યાં "અટકવું" એ આવડી જાય
તો જીંદગી માં ક્યાય દુખ રહેતું નથી



ન્યાય એ ગણિતની વાત છે ત્યાં હૃદય ને કોઇ સ્થાન નથી અને
સમાધાન એ હૃદયની વાત છે ત્યાં ગણિતને કોઇ સ્થાન નથી


લગ્ન જીવન ને સફળ બનાવવા માટે બે જણે પ્રયત્ન કરવો પડે છે પરંતુ તેને નિષ્ફળ
બનાવવા માટે કોઇ એક ની જ કોશિશ પૂરતી થઇ પડે છે.


ત્રણ બાબતો નું હંમેશા ધ્યાન રાખવું વિશ્વાસ, વચન અને સંબંધ
કારણ કે તે તૂટે ત્યારે અવાજ નથી કરતા અને ક્યારે તૂટ્યા તે ખબર જ
નથી પડતી અને પડે ત્યારે ઘણું મોડું થઇ જાય છે.



આપણી મનપસંદ અને મનગમતી
બાબતો ઘણી વખત આપણા જીવન
ના ધ્યેય ની દુશ્મન પણ હોઇ શકે છે.



તમારા માટે કોઇ રડે અને તમારા
કારણે કોઇ રડે એ બે માં ઘણો ફરક છે.


જીવનમાં જે મળ્યું હોય તે ગમે તે આનંદ કહેવાય,
અને જે ગમતું મળે તે સુખ કહેવાય.



ધારેલુ કશું ન બને અને ન ધારેલુ બને તેનું નામ જીવન


જીવન શાંતિથી જીવવા બે રસ્તા અપનાવો..
એક જેને તમે ભૂલી શકતા નથી એને માફ કરો..
તથા જેને માફ નથી કરી શકતા તેને ભૂલી જાઓ....



ઉપરવાળાનો ઉપકાર કે આસુ ને રંગ હોતો નથી...,
નહી તો રાત્રે ભિંજાઈ જતા તકિયા કઈક ભેદ ખોલી નાખત...!!



સંબંધ ભલે થોડા રાખો.,પણ એવા રાખો કે હૈયે
હરખ ની હેલી પડે.,
મૌત ના મુખ માંથી જીંદગી વરસી પડે.,અને મૃત્યુ
બાદ સ્મશાન ની રાખ પણ રડી પડે.


જીદ અને જિંદગી બન્ને વચ્ચે શબ્દથી મોટો ફરક નથી...
જીવન માં જિંદગી જીવવા માટે જીદ કરો પણ,
જીદ કરતાં જિંદગી માંથી કશું ખોવાય નહિ તેનું ધ્યાન રાખજો..



આપણી દાનત ચમત્કારિક રીતે આપણો સ્વભાવ બની જાય છે.


તમારા સંબંધમાં જે કંઈ બને છે તે અનુભવ નથી.
બનાવ સમયે તમે જે રીતે વર્તો છો એ સાચો અનુભવ છે.



હાજરીમાં જે તમારાથી ડરે છે એ ગેરહાજરીમાં તમને ધિક્કારે છે.



તમારી દુ:ખદ સ્થિતિ ભલે કોઇને હાસ્ય = સુખ આપી
જાય, પરંતુ ધ્યાન રાખો તમારું હાસ્ય કોઇને દુ:ખ ન
આપે, નહીંતર સજા મળશે. સાવધાન રહો..!!



દુ:ખી થાવાને માટે કોઇ ધરતી પર નહીં આવે;
હવે સદીઓ જશે ને કોઇ પયગમ્બર નહીં આવે..
હવે તો દોસ્તો ભેગા મળી વ્હેંચીને પી નાખો,
જગતનાં ઝેર પીવાને હવે શંકર નહીં આવે...



જયારે પરીસ્થિતિ મનુષ્યના સ્વભાવને અનુકુળ
હોય છે ત્યારે મનુષ્ય સુખી હોય છે.
પરંતુ જે માણસ પોતાનો સ્વભાવ પરીસ્થિતિને
અનુકુળ બનાવી શકે તે સૌથી વધુ સુખી છે.



જે સાચું હોય છે તે હંમેશા લોકપ્રિય હોતું નથી,
અને જે લોકપ્રિય હોય છે તે હંમેશા સાચું હોતું નથી..!!
બધાં દ્વારા ભૂલ થાય છે.,
પેન્સિલ સાથે એટલે જ તો સદાય રબર હોય છે



આપણા દુ:ખો એ સામાન્ય
પ્રકારના LCD સ્ક્રીન જેવા છે,
થોડું જ બાજુ પર ખસીને
જોઈએ તો એ દુ:ખો જરાય
દેખાશે નહીં !! બસ, થોડો
એન્ગલ (અભિગમ) બદલતાં
આવડવું જોઈએ... જીવનમાં
સાહિત્ય આદિ કલાઓ
અભિગમ બદલવામાં ખૂબ
અગત્યનો ભાગ ભજવે છે.


અભ્યાસ, નોકરી અને લગ્ન – આ ત્રણેય અત્યંત વેગપૂર્વક માણસને બિંબાઢાળ જિંદગી તરફ ખેંચી જનારા છે. આ ત્રણેયમાંથી પસાર થાય બાદ પણ જો વ્યક્તિ સર્જનાત્મક રહી શક્યો હોય તો એમ સમજવું કે તે ખરેખર જન્મજાત કલાનો ઉપાસક છે.



સમજ્યા વગર કોઈને પસંદ ના કરતા.,
નાસમજમાં કોઈને ગુમાવી પણ ના દેતા..!!
ગુસ્સો શબ્દમાં હોય છે દિલમાં નહીં.,
એમાં સંબંધ ઉપર જ પુર્ણવિરામ ના મુકી દેતા . !!



જીંદગી ની દરેક પલ સરખી નથી હોતી ,
સમુદાર માં રોજ ભરતી નથી હોતી ,
... મિલન અને જુદાઈ એ બે પ્રસંગ છે જીંદગી ના ,
જેમાં આસું ની કીમત સરખી નથી હોતી


તમારા સંબંધને સતત સાર્થક રાખો.
કોઈ સંબંધ નાજુક થયો હોય તો
એની માવજત કરો, છતાં જો કોઈ
પ્રતિસાદ ન મળે તો એક કામ
કરજો, ડોઝ થોડો વધારી દો...
ઇટ વર્કસ.


: કોઇના સુખે સુખી થવું એ સમજી શકાય, પરંતુ કોઇના દુ:ખે
આપણે મહાદુ:ખ વહોરવું, એવું માનવાથી સામેની વ્યક્તિના
દુ:ખનો અંત નથી આવતો. સુખ ગુણાકારે વધે છે. દુ:ખ
સમજણયુકત ભાગાકારે ઓછું થાય છે.


ફરજ શબ્દ ભારે છેતરામણો છે. એ વસ્તુ એવી છે, જેની આપણે
હંમેશાં બીજા પાસે જ અપેક્ષા રાખીએ છીએ..!!


જિંદગીમાં જે માગીએ છીએ તે બધું જ નથી મળતું
અને મળે છે તેમાનું ઘણું જ માગેલું પણ નથી હોતું.


સમય વિનાનો વરસાદ.
દુ:ખ વિત્યા પછી મળતી મદદ.
મરણ પછી આવેલ વૈદ્ય અને .
આબરુ ગયા પછી મળનારું ધન,
એ બધાં નકામા છે.